ફરીયાદ રજુ તારીખ : ૧૪/૦૮/૨૦૨૬
રજીસ્ટર કર્યા તારીખ : ૧૪/૦૮/૨૦૨૬
નિકાલ કર્યા તારીખ : ૧૭/૦૮/૨૦૨૬

सत्यमेव जयते

---

**દિયોદરના મહે. એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દિયોદર**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૨૪/૨૦૨૬**

| | | |
|---|---|---|
| **અરજદાર/આરોપી** | **:** | **નરેન્દ્રસિંહ ઉર્ફે નિરૂભા ગંભીરસિંહ વાઘેલા<br>ઉ.વ.૩૩, ધંધો– ખેતી<br>રહે.મીઠી પાલડી,તા.દિયોદર, જી.વાવ–થરાદ** |
| | | **વિરુદ્ધ** |
| **સામાવાળા** | **:** | **શ્રી સરકાર (દિયોદર પો.સ્ટે.)** |
| **ગુનો** | **:** | **ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫એઇ,૧૧૬ (૨), મુજબ...** |

**અરજદાર તર્ફે વિ. વ.શ્રી એસ.આઇ.ચૌહાણ**

**શ્રી સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.આર.બ્રાહમણ**

---

**–: ઠરાવ :–**

---

(૧) જામીન અરજી વંચાણે લીધી. આરોપી તર્ફે વિ.વ.શ્રી એસ.આઇ.ચૌહાણ નાઓને સાંભળ્યા. ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી એસ.આ.બ્રાહમણનાઓને તથા તપાસ કરનાર અમલદારશ્રીને સાંભળ્યા. એફ.આઇ.આર. તથા કેસ રેકર્ડને વંચાણે લીધુ.

(૨) ઉપરોકત ગુનાના કામે આરોપીઓ દ્ધારા BNSS Act ની કલમ ૪૮૦ મુજબની હાલની અરજી રજુ કરવામાં આવેલ છે. આ કામે આરોપીના વિ.વ.શ્રી એસ. આઇ. ચૌહાણનાઓએ એવી દલીલ કરેલી છે કે, તહોમતદારે કોઇ ગુનો કરેલ નથી. તેઓ તદ્ધન નિર્દોષ છે તથા ખોટી રીતે ગુનામાં સંડોવાયેલ છે. તહોમતદારની આર્થિક સ્થિતી ખૂબ જ નબળી છે વધુમાં, એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, તહોમતદાર કયાંય પણ નાસી જાય તેમ નથી અને નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતો પાલન કરશે અને જામીન રજુ કરવા તૈયાર છીએ. તેમજ આરોપી સામે ખોટા આક્ષેપો કરી ખોટી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.જેથી આરોપીને જામીન ઉપર છોડવા અરજ કરેલ છે.

(૩) સરકારશ્રી તર્ફે વિ. એ.પી.પી.શ્રી એસ.આર.બ્રાહમણ દ્ધારા મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તહોમતદારે ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫એઇ અને ૧૧૬(૨)મુજબ ગુનો કરેલ છે. ફરીયાદ મુજબ સદર કામના આરોપીએ ગે.કા. અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો બિયર ટીન–૩૯૮, કિ.રૂા.૯૬,૪૨૨/- નો મુદામાલ પોતાના ઘરે રાખી રેઇડ દરમ્યાન હાજર નહિ મળી આવી ગુનો કરેલ છે. જો તેમને સહેલાઇ થી જામીન મુકત કરવામાં આવે તો તેઓ ફરીથી આવા પ્રકારના ગુનાનુ પુનરાવર્તન કરે તેવી પુરેપુરી શકયતા હોઇ અને હાલના ગુજરાત સરકારશ્રી દ્ધારા પ્રોહી. ગુના અંગે ગુનાની ગંભીરતા ધ્યાને લઇ સજાની જોગવાઇઓમાં વધારો કરવામાં આવેલ છે અને તેવા સંજોગોમાં આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત થયેલ છે.

(૪) સદર કામે તપાસ કરનાર અમદારશ્રીને નોટીસ કરતા તઓએ આરોપી વિરુધ્ધ નોધાયેલા ગુનાઓના લિસ્ટ સાથે હાજર થયેલ છે. જેમાં આરોપીએ સામે (૧) દિયોદર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૨૪/૨૦૧૮, પ્રોહી એકટની કલમ– ૬૫એઇ, ૧૧૬(૨), (૨) દિયોદર પો.સ્ટે.ગુ.ર.નં. ૨૨૪/૨૦૧૮, પ્રોહી એકટની કલમ– ૬૫એઇ, ૧૧૬(૨), (૩) દિયોદર પો.સ્ટે.ગુ.ર.નં. ૨૯૨/૨૦૧૮, પ્રોહી એકટની કલમ– ૬૫એઇ, ૧૧૬(૨)

(૪) દિયોદર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૭૨૦૦૦૨૭/૨૦૨૦, પ્રોહી એકટની કલમ– ૬૫એઇ, ૧૧૬(૨), (૫) દિયોદર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૭૨૦૦૭૦૧/૨૦૨૦, પ્રોહી એકટની કલમ– ૬૫એઇ, ૧૧૬ (૨), (૬) દિયોદર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૭૨૩૦૫૭૭/૨૦૨૩, પ્રોહી એકટની કલમ– ૬૫એઇ, ૧૧૬(૨), (૭) દિયોદર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૭૨૩૦૯૭૮/૨૦૨૫, પ્રોહી એકટની કલમ– ૬૫એઇ, ૧૧૬(૨) તેમજ હાલનો ગુનો વિગેરે પ્રોહીબીશન એકટ મુજબના ગુનાઓ હાલના કામના આરોપી વિરુધ્ધ નોધાયેલ છે. જેમાં પ્રથમ છ કેસોમાં આરોપી સામે ટ્રાયલ ચાલી જતા આરોપીને નામ. કોર્ટે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરેલ છે. જયારે એક ગુનાની ટ્રાયલ પુરાવાના સ્ટેજે હાલ પેન્ડીંગ છે. હાલના આરોપી સામેના આક્ષેપિત ગુનો પ્રોહી. એકટની કલમ– ૬૫એઇ અને ૧૧૬(૨) વંચાણે લેતાં, કાયદા મુજબ ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઇ અને પાંચ લાખ સુધીનો દંડ થઇ શકે તેવો પ્રબંધ છે, જે સદર કાયદાને વધુ કડક બનાવવાનો છે.

(૫) સામાન્ય રીતે જામીન અરજી નક્કી કરતી વખતે આરોપી વિરુદ્ધના ગુનાનું તહોમત, ગુનાની ગંભીરતા, આરોપીનો ગુનાહીત પુર્વ ઈતીહાસ, આરોપીની ટ્રાયલ દરમીયાનની હાજરી, ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડા થવાની સંભાવના વિગેરે બાબતો ધ્યાને રાખવાની રહે છે. હાલના કામના આરોપી વિરુધ્ધ દિયોદર પો.સ્ટે.માં પ્રોહિબીશન એકટના વિવિધ ૭ જેટલા ગુનાઓ નોધાયેલ છે. જેમાં ૬ કેસમાં આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવેલ છે અને એક કેસની ટ્રાયલ હજુ પેન્ડીંગ છે. આરોપી જામીનમુકત થયા બાદ પણ પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સતત સંકળાયેલો રહે છે જે તેના ગુનાહિત ઈતિહાલના કારણે હાલના તબકકે સ્પષ્ટ થાય છે. પ્રવર્તમાન સંજોગોમાં વ્યકિતઓની આવી ગેરકાયદેસરની ચીજવસ્તુઓની હેરાફેરીમાં વિપુલ પ્રમાણમાં સંડોવણી જોવા મળતી હોય અને તે સંજોગોમાં જો હાલના આરોપીને જામીન મુક્તીનો લાભ આપવામાં આવે તો આવી જ ગુનાહીત પ્રવૃતિમાં રોકાયેલા વ્યકિતઓને પ્રોત્સાહન મળે તેમ છે અને ખાસ તો જ્યારે આરોપી વિરુદ્ધ પ્રથમદર્શનીય જણાતો

હોય તેવા સંજોગોમાં હાલના આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચિત જણાઇ આવતુ નથી. વળી કોઈપણ જામીન અરજી નિર્ણીત કરતા સમયે આરોપી વિરુદ્ધનો આક્ષેપિત ગુનાની સામાજીક અસર જેવા મુદ્દાને પણ ધ્યાને લેવો જરૂરી છે અને તે દ્રષ્ટિકોણથી આરોપી વિરૂદ્ધના આક્ષેપિત ગુનાની સામાજીક અસર ચોક્કસપણે જ ગંભીર સ્વરૂપની જણાઇ આવતી હોય આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચિત જણાઇ આવતુ નથી. વધુમાં ગુજરાત રાજયમાં દારુ બંધી હોય અને તે અંગેના કાયદામાં વધુ કડક સજાઓ નવા કાયદાથી ઉમેરવામાં આવેલ હોય, તેવા સંજોગોમાં જો બધા જ કેસોમાં જે વ્યકિત સંડોવાયેલી છે તેઓને આસાનીથી જામીન મુકત કરી દેવામાં આવે તો કાયદો અમલમાં મુકવા પાછળનો હેતુ જળવાય તેમ નથી તેથી આગળ ઉપર ચર્ચા મુજબના તમામ કારણોસર હાલની અરજી પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–: હુકમ :–**

આરોપી **નરેન્દ્રસિંહ ઉર્ફે નિરૂભા ગંભીરસિંહ વાઘેલા રહે. મીઠી પાલડી, તા.દિયોદર, જી. વાવ–થરાદ** વાળાની જામીન અરજી આથી " **ના–મંજુર** " કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૭ મી ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાર્યો.

(આર. એસ. રાઠૌડ)
તા.૧૭/૦૮/૨૦૨૬ એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
દિયોદર